ગુજરાત
વિકાસ રેલી

પ્રેસનોટ-૦૧ તા.૦૩.૧૨.૨૦૧૭

-----------------

**ભગવાન શ્રીકૃષ્ણએ ટચલી આંગળીએ ગોવર્ધન પર્વત ઉચક્યો હતો,**
**તેવી જ રીતે આપણી આંગળીનો મતદાનમાં ઉપયોગ કરીને ગુજરાતનું ભાગ્ય બદલવા માટે**
**મોટી સંખ્યામાં મતદાન કરવા માટે અપીલ**

-----------------

**કોંગ્રેસને યુ. પી.ની પ્રજાએ બરાબર ઓળખી લીધી છે, અને**
**કોંગ્રેસની લીલાને બરાબર જાણી જાકારો આપી દીધો છે**

-----------------

**તહેવારે રંગ બદલતા, વાતોના વડા કરતાં, ભાઇ ભાઇ વચ્ચે વેરઝેર ફેલાવતાં,**
**શહેરને ગામડા સાથે, અમીરને ગરીબ સાથે શિક્ષીતને અશિક્ષીત સાથે**
**એક સંપ્રદાયને બીજા સંપ્રદાય સાથે અને એક જાતિને બીજી જાતિ સાથે લડાવી,**
**મારીને કોંગ્રેસે શાસન કર્યું હતું, પરંતુ જ્યારથી ભાજપાનું શાસન આવ્યું છે,**
**ત્યારથી વેરઝેરનો આ રોગચાળો અને બિમારી બંધ થઇ ગઇ છે**

-----------------

**જેમને બુલેટ ટ્રેન અંગે વાંધો હોય તેઓ અત્યારે પણ બળદગાડામાં ફરી શકે છે.**
**કોંગ્રેસ તેમના ગજા પ્રમાણે વિચારે, અમે અમારા ગજા પ્રમાણે કરીએ**

-----------------

**કોંગ્રેસ કોઇ કાર્ય કરવા ધારે પણ ન કરી શકે, જ્યારે ભાજપા કરે તો તેમના પેટમાં ચૂંક આવે છે**

-----------------

**ત્રણ વર્ષના શાસનમાં એકપણ દાગ વિરોધીઓ લગાવી શક્યાં નથી, જે ભાજપાને ટ્રેક રેકોર્ડ છે**

-----------------

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ભરૂચ ખાતે **"ગુજરાત વિકાસ રેલી"**ને સંબોધતા જણાવ્યું હતુ કે, જેવી રીતે ભગવાન શ્રીકૃષ્ણએ ટચલી આંગળીએ ગોવર્ધન પર્વત ઉચક્યો હતો, તેવી જ રીતે આપણી આંગળીનો મતદાનમાં ઉપયોગ કરીને ગુજરાતનું ભાગ્ય બદલવા માટે મોટી સંખ્યામાં મતદાન કરવા માટેની અપીલ કરી હતી. ચૂંટણી પ્રચારમાં કચ્છ, સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતમાં જ્યાં જવાનું થયું તથા પ્રજાના અભૂતપૂર્વ સમર્થન થકી ઉત્સાહ – ઉમંગ સાથે ભાજપાની આંધી જોવા મળી છે. યુ. પી. માં દસકાઓ સુધી શાસન કરનાર કોંગ્રેસને યુ. પી.ની પ્રજાએ બરાબર ઓળખી લીધી છે, અને કોંગ્રેસની લીલાને બરાબર જાણી જાકારો આપી દીધો છે. તહેવારે રંગ બદલતા, વાતોના વડા કરતાં, ભાઇ ભાઇ વચ્ચે વેરઝેર ફેલાવતાં, શહેરને ગામડા સાથે, અમીરને ગરીબ સાથે, શિક્ષીતને અશિક્ષીત સાથે એક સંપ્રદાયને બીજા સંપ્રદાય સાથે અને એક જાતિને બીજી જાતિ સાથે લડાવી મારીને કોંગ્રેસે શાસન કર્યું હતું, પરંતુ જ્યારથી ભાજપાનું શાસન આવ્યું છે, ત્યારથી વેરઝેરનો આ રોગચાળો અને બિમારી બંધ થઇ ગઇ છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જણાવ્યું હતુ કે, મારા મુખ્યમંત્રીકાળ દરમ્યાન એકપણ દિવસ એવો ન હતો કે, કોંગ્રેસે ગુજરાત માટે મુસીબત પેદા ન કરી હોય, ગુજરાતમાં સૌથી વધારે મુસ્લિમ આબાદી ભરૂચ અને કચ્છ જિલ્લામાં છે, ત્યારે મારે વિકાસ વિરોધીઓને કહેવું છે કે, કોઇપણ જિલ્લાનો સૌથી વધુ વિકાસ થયો હોય તો તે પહેલો કચ્છ અને બીજો ભરૂચ છે. વિકાસને જાતિવાદ સાથે કોઇ લેવાદેવા નથી. એક જ વાત વિકાસ, એક જ રાહ વિકાસ, એક જ મકસદ વિકાસ, એક જ મુરાદ વિકાસ અને અમારો એક જ માર્ગ વિકાસ.

(૨)



દરેક ગુજરાતીનો એક જ અવાજ
હું છું વિકાસ, હું છું ગુજરાત
ભાજપ

(૨)

વડાપ્રધાનશ્રીએ ગાંધી નહેરૂ પરિવાર ઉપર પ્રહાર કરતાં જણાવ્યું હતુ કે, ચૂંટણી સમયે આવીને આ પરિવાર પોતાનો નાતો ગુજરાત સાથે પ્રસ્થાપિત કરવાના પ્રયત્નો કરે છે, અને ગુજરાતને સતત અન્યાય કરે છે. ગુજરાતમાં હાલમાં યોજાયેલ રાજ્યસભાની ચૂંટણી અંગે વાત કરતાં જણાવ્યું હતુ કે, કોંગ્રેસના વડાપ્રધાનના ઘરના દરવાજા જેમના માટે ૨૪ કલાક ખૂલ્લાં રહેતા હતાં, અને જેઓ નહેરૂ ગાંધી પરિવારના સૌથી વિશ્વાસપાત્ર ગણાતા હતાં, તેમના દિલમાં ભરૂચ અને ગુજરાતની સેવા કરવાની થોડી અમથી ભાવના હોત તો ભરૂચનો નર્મદા પર બ્રીજ બનવામાં આટલો સમય ન લાગ્યો હોત, ભરૂચનું ભલું કરી શક્યા હોત, દહેજ અંગે વિચાર કરી શક્યાં હોત, ઘોઘા દહેજ રો-રો ફેરીનો વિચાર કરી શક્યાં હોત, પરંતુ આવા સાંસદ માટે બનાસકાંઠામાં આવેલ આફત સમયે ચૂંટાયેલા ધારાસભ્યોને પ્રજા વચ્ચે ન રહેવા દઇ માત્રને માત્ર એક વ્યક્તિના અંગત સ્વાર્થ માટે ૪૩ ધારાસભ્યોને એક રીસોર્ટમાં ગોંધી રાખવાનું કામ કોંગ્રેસે કર્યું હતું.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતુ કે, દહેજ બંદર પર માળખાકીય સુવિધાઓનો વિસ્તાર કર્યો, જેના કારણે સમગ્ર વિશ્વમાં દહેજ બંદરને પ્રથમ ૨૫ બંદરોમાં સ્થાન પ્રાપ્ત થયું છે. સરદાર સરોવર ડેમ અને "મા નર્મદા" એ ભરૂચ જિલ્લાની જાહોજલાલીના મૂળમાં છે. ૨૦૧૮માં સરદાર સાહેબના વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાનું કાર્ય પૂર્ણ થતાં, દેશ અને દુનિયાના ટુરિસ્ટો ભરૂચ થઇને કેવડીયા દર્શને જશે, ખૂબ મોટો ફાયદો આ ટુરીઝમના કારણે આખાય જિલ્લાને થનાર છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જણાવ્યું હતુ કે, કોંગ્રેસ માત્ર વાતો કરે છે, ત્યારે અમે કોઇપણ કાર્ય કરી બતાવીએ છીએ. બુલેટ ટ્રેન અંગે વાત કરતાં જણાવ્યું હતુ કે, જેમને બુલેટ ટ્રેન અંગે વાંધો હોય તેઓ અત્યારે પણ બળદગાડામાં ફરી શકે છે. કોંગ્રેસ તેમના ગજા પ્રમાણે વિચારે, અમે અમારા ગજા પ્રમાણે કરીએ. લગભગ એક લાખ કરોડના ખર્ચે બનનાર બુલેટ ટ્રેનમાં ટેકનીકલ સહયોગના કારણે ટેકનીકલ લાભો ભારતને મળનાર છે. આપણા જુવાનીયાઓને આધુનિક ટેકનોલોજી શીખવાના અવસરો ઘર આંગણે મળનાર છે. આપણા દેશનો સિમેન્ટ અને લોખંડ જાપાન ખરીદીને આ પ્રોજેક્ટમાં વાપરશે આપણા માટે વકરો એટલોજ નફો જેવી પરિસ્થિતિ ઉત્પન્ન થઇ છે. ૨૦૧૨માં શ્રી મનમોહનસીંગની સરકારે ગુજરાતની ચૂંટણીઓ પહેલાં આંબા, આંબલી બતાવવા બુલેટ ટ્રેનની જાહેરાત કરી હતી પરંતુ લોનના દરના કારણે જાપાન સાથે તેમની વાત આગળ ન ચાલી, અને અમે મફતના ભાવે એક લાખ કરોડના રોકાણનો વાયદો લાવ્યા, કામ પણ ચાલુ કરી દીધું છે. આ રોકાણ દહેજમાં થયેલ રોકાણ કરતાં લગભગ ચાર ગણું વધારે છે, જેના કારણે ખૂબ મોટા પ્રમાણમાં રોજગારીના અવસરો ઉભા થનાર છે. કોંગ્રેસ કોઇ કાર્ય કરવા ધારે પણ ન કરી શકે, જ્યારે ભાજપા કરે તો તેમના પેટમાં ચૂંક આવે છે. કોંગ્રેસની દેશની પ્રગતિ વિરોધી માનસિકતા દેશની પ્રજાના મગજમાં ઉતરતી નથી.

વડાપ્રધાનશ્રી મોદીએ વધુમાં જણાવ્યું હતુ કે, કોંગ્રેસે જાતિવાદ, ઉંચનીચ, મારા તમારા, પરિવારવાદમાં દેશના ૭૦ વર્ષ વેડફી નાંખ્યા છે. પણ, હવે દેશ એક નેક બનીને આગળ વધવા નિકળી પડ્યો છે, હવે, કોંગ્રેસના કોઇપણ ષડયંત્રો કામ કરશે નહીં. પ્રજાના આશીર્વાદ એ અમારી તાકાત છે, તેમ જણાવી વડાપ્રધાનશ્રીએ ભાજપાના શાસન પહેલાં ભરૂચ જિલ્લાના હુલ્લડો, અને કર્ફ્યુના સમયમાં અસલામતી, અશાંતિ, અસુરક્ષાની પરિસ્થિતિ યાદ કરાવી હતી, જ્યારે તેની સામે અત્યારના ભાજપાના શાસનમાં સામાન્ય માં સામાન્ય માનવીને સુરક્ષા, સલામતી મળી છે, અને તેના કારણે જનતા જનાર્દન પોતાના પગે ઉભી થઇને અવસરો પેદા કરે છે. પહેલાં ભરૂચમાંથી અસલામતી, અસુરક્ષાના કારણે લોકો હિજરત કરી જતાં હતાં.

વડાપ્રધાનશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપાએ સમુદ્રિ કિનારાની તાકાત ઓળખીને ૧૩૦૦ જેટલાં બેટ કે જેમાં અમુક બેટ સિંગાપુર કરતાં પણ મોટા છે, તેમને વિકસાવવાનું કાર્ય હાથ પર લીધું છે.

(૩)



(૩)

ગુજરાતમાં પણ ૧૬૦૦ કિ.મી. જેટલો દરિયાકિનારો હોવાથી વિકાસની અભૂતપૂર્વ તકો ઉભી થવાની છે, તેના મોટા લાભો ભરૂચ અને સમગ્ર ગુજરાતને મળનારા છે.

વડાપ્રધાનશ્રીએ વધુમાં જણાવ્યું હતુ કે, કોંગ્રેસના શાસનમા મા નર્મદાના કિનારે ડાર્ક ઝોન હોય તેવી પરિસ્થિતિ ભરૂચ જિલ્લાની હતી. પરંતુ અમારી સિંચાઇ યોજનાના કારણે અને ખાસ કરીને ડ્રીપ ઇરીગેશન પધ્ધતિના ઉપયોગના કારણે અને આ જિલ્લાને ડાર્કઝોનમાંથી બહાર કાઢવાનું કાર્ય કરી શક્યા છીએ. ભાજપા દ્વારા લીધેલ કૃષિ ઉત્પાદનનાં વિશિષ્ટ પગલાંઓ થકી આજે ગુજરાતમાં ફળફળાદી, શાકભાજી, પશુપાલનના કારણે દૂધનું ઉત્પાદન ખૂબજ મોટા પ્રમાણમાં વધ્યું છે, અને જેના કારણે એક નવી આર્થિક તાકાત ગુજરાતના ખેડૂતોને મળી છે. સાગરખેડૂ યોજના થકી ગુજરાતનો મત્સ્યોધોગ દેશભરમાં પ્રથમ ક્રમાંકે પહોંચ્યો છે. વનબંધુ યોજના થકી આદિવાસી ભાઇ-બંધુઓનું કલ્યાણ ભાજપા કરી શકી છે, અને આદિવાસી બંધુઓને જમીનના હક આપવાનું કામ ગુજરાતની ભાજપા સરકારે કર્યું છે.

વડાપ્રધાનશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ૭૦ વર્ષથી જે લોકોને સમજ નહોતી પડતી કે, વાંસ એ ઝાડ નથી પણ ઘાસ છે, જે લોકોને બટાકાનું શું થાય તે ખબર પડતી નથી, તે લોકો ગુજરાતમાં આવીને વિકાસ અંગે પ્રશ્નો પુછે છે તે નવાઇની વાત છે. ભાજપા સરકારે વાંસની ખેતીને ખુલ્લી કરી નર્મદા કેનાલની બંને બાજુ ખેતી કરીને દેશનું હુંડીયામણ મોટા પ્રમાણમાં બચાવ્યું છે અને આપણે પતંગ બનાવવા કે અગરબત્તી બનાવવા માટે હવે વાંસની આયાત પર નિર્ભર રહેવું નહી પડે. ત્રણ વર્ષના શાસનમાં એકપણ દાગ વિરોધીઓ લગાવી શક્યાં નથી, જે ભાજપાને ટ્રેક રેકોર્ડ છે. અંતમાં વડાપ્રધાનશ્રીએ ભરૂચ જિલ્લામાં નાગરિકોને મોટા પ્રમાણમાં મતદાન કરી ભરૂચ જિલ્લાને સાચવી લેવાની અપીલ કરી હતી.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ



ગુજરાત વિકાસ રેલી

પ્રેસનોટ-૦૨ તા.૦૩.૧૨.૨૦૧૭

-------------------

**ઉમટી પડેલો લોકજુવાળ એ ગુજરાતના સ્વાભિમાનનો, વિકાસ માટેની સામાન્ય માનવીની શ્રધ્ધાનો અને ગુજરાતને પીંખી નાંખીને ભૂતકાળની દુર્દશા તરફ ઢસડી ન જાય એ જનજાગૃતિનો જુવાળ છે**

-------------------

**જે પાર્ટીના ઘરમાં લોકશાહી ન હોય તે દેશમાં લોકશાહીનો સ્વીકાર કેવી રીતે કરી શકે?**

-------------------

**કોંગ્રેસે પોતાની ખુરશી બચાવવા દેશમાં કટોકટી જાહેર કરી અને આખા દેશને જેલખાનું બનાવ્યું તે દેશની પ્રજા ક્યારેય નહી ભૂલી શકે**

-------------------

**૧૨૫ કરોડ દેશવાસીઓનો વફાદાર છું તેનો મને ગર્વ છે**

-------------------

**ગુજરાતની અસ્મિતા સાથે છેડછાડ કરે તેને પ્રજા છોડતી નથી**

-------------------

**સૌની યોજનાની પાઇપલાઇનમાં પાણી નહી હવા આવશે તેવી મજાક કરનાર કોંગ્રેસના લોકો આજે લીલાછમ સુરેન્દ્રનગરને જોઇ લે.**

-------------------

**એક ભાઇને રાજ્યસભા જીતાડવા આખેઆખી કોંગ્રેસ પુરગ્રસ્તોને ભગવાન ભરોસે છોડી બેંગ્લોર રિસોર્ટમાં લહેર કરવા જતી રહી હતી**

-------------------

**કોંગ્રેસને ગુજરાતમાં રસ નથી**

-------------------

**૧૨૫ કરોડ દેશવાસીઓ એ મારા ભગવાન છે અને એમનું કલ્યાણ એ જ મારી ભક્તિ છે**

-------------------

**કોંગ્રેસે ૧૯૬૭ થી ગુજરાતમાં જ્ઞાતિ અને જાતિ વચ્ચે વર્ગવિગ્રહ ફેલાવીને સામાજીક તાણાવાણા પીંખી નાખવાનું કામ કર્યુ છે**

-------------------

**ગુજરાતની જનતાએ જાતિવાદ સંપ્રદાયવાદને બાજુમાં મૂકી એકતા દર્શાવી છે**

-------------------

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સુરેન્દ્રનગર ખાતે ગુજરાત વિકાસ રેલીને સંબોધતા જણાવ્યું હતુ કે, આજે ગુજરાતની જનતા જનાર્દને ૨૦૦૭, ૨૦૧૨, ૨૦૧૪ માં જે તાકાત નથી બતાવી તેનાથી વધુ તાકાત ૨૦૧૭ માં જોઇ રહ્યો છું.

ગુજરાતની જનતા જનાર્દનના દર્શન કરવાનું મને સૌભાગ્ય મળ્યું છે. આ ઉમટી પડેલો લોકજુવાળ એ ગુજરાતના સ્વાભિમાનનો, વિકાસ માટેની સામાન્ય માનવીની શ્રધ્ધાનો અને ગુજરાતને પીંખી નાંખીને ભૂતકાળની દૂર્દશા તરફ ઢસડી ન જાય એ જનજાગૃતિનો જુવાળ છે. જનતા જનાર્દનની ખુમારી માટે વડાપ્રધાનશ્રી એ સો-સો સલામ કરી લાખ-લાખ વંદન કર્યા હતા.





હરેક ગુજરાતીનો એક જ અવાજ, હું છું વિકાસ, હું છું ગુજરાત

ભાજપ

(૨)

શ્રી મોદીએ નવસારીની સભામાં કરેલ આગાહીને યાદ કરતાં જણાવ્યું હતુ કે, યુ.પી.ની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપાનો જયજયકાર થશે અને કોંગ્રેસ સુક્ષ્મદર્શકયંત્રથી શોધતા પણ નહી જડે તે અક્ષરશ: સાચી પડી છે તેવી જ રીતે ગુજરાતની ચૂંટણીઓના પરીણામમાં ભાજપાનો ભગવો લહેરાશે તે પણ સાચુ પડશે અને કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ પદની ચૂંટણીમાં એક પરિવાર સિવાય કોઇનું ગજ વાગવાનું નથી તે પણ સાચુ પડશે.

કોંગ્રેસના કાર્યકર શહેઝાદ વિશે વાત કરતા જણાવ્યું હતુ કે, તેમણે શહેઝાદાને પડકાર્યો છે. કોંગ્રેસમાં રીગીંગ થઇ રહ્યું છે. કોંગ્રેસ લોકશાહીના મૂલ્યોના સરેઆમ ધજાગરા ઉડાડી રહી છે. વિરોધ કરનાર શહેજાદનો ફતવો પાડીને સામુહિક બહીષ્કારની વાત કરી વોટ્સએપ ગૃપમાંથી કાઢી નાખવાની ધોષણા કરી રહ્યા છે. જે પાર્ટીના ઘરમાં લોકશાહી ન હોય તે દેશમાં લોકશાહીનો સ્વીકાર કેવી રીતે કરી શકે ? તે જણાવી સરદાર સાહેબ વિશે વાત કરતાં શ્રી મોદીએ જણાવ્યું હતુ કે, રાજ્યોની કોંગ્રેસ કમિટિએ કે જેમાં કોંગ્રેસના મોટા ખમતીધર નેતાઓ હતા તેમણે સરદાર પટેલને વડાપ્રધાન બનાવવા માટે પોતાના મત આપ્યા હતા જ્યારે પંડિત નેહરૂને આંગળીને વેઢે ગણાય તેટલા જ મત મળ્યા હતા છતાં કારસો રચીને સરદાર પટેલને અન્યાય કરીને વડાપ્રધાન બનવાથી રોકી દીધા હતા. સંસદીય દળમાં શ્રી મોરારજીભાઇ દેસાઇની બહુમતિ હતી. શ્રી લાલબહાદુર શાસ્ત્રી પછી તેમની યોગ્યતા હતી છતાં પોલીસી, ફોર્મ્યુલા બદલીને શ્રી મોરારજીભાઇનો વારો કોંગ્રેસે કાઢી નાખ્યા હતો. શ્રીમતી ઇન્દિરાજીને ચૂંટણીના નિયમોનું ઉલ્લંઘન કરવા માટે ગેરકાયદેસર ઠરાવ્યા હતા તેમ છતાં, ચૂંટણી કમિશનના નીતિનિયમોને નેવે મુકી પોતાની ખુરશી બચાવવા દેશમાં કટોકટી જાહેર કરી દીધી હતી અને આખા દેશને જેલખાનુ બનાવ્યું હતું. ખુરશી બચાવવા ૧૯ મહિના સુધી દેશના લોકોને જેલખાનામાં ગોંધી રાખ્યા હતા. આવી કોંગ્રેસ પાર્ટીમાં લોકશાહી ક્યાંથી હોય આ તેમની વારસાગત વ્યવસ્થા છે તેમશ્રી મોદીએ જણાવ્યું હતું.

શ્રી મોદીએ વધુંમા જણાવ્યું હતુ કે, સુરેન્દ્રનગર જીલ્લામાં બહેન - દિકરીઓને પાણી માટે વલખા મારવા પડતા હતા પરંતુ અમે એન્જીનીયરીગ મીરેકલ સર્જીને આખેઆખી નદીને ૫૦ માળ સુધી ઉપર ચઢાવીને કચ્છ-કાઠીયાવાડની ધરતીને પાણીદાર કરી લીલીછમ બનાવવાનો સંતોષ અમને થાય છે. સૌની યોજના થકી આખાય જીલ્લાની સુરત બદલાઇ ગઇ છે. અને તેનો સૌથી વધુ લાભ સુરેન્દ્રનગર જીલ્લાને મળવાનો છે. સુરેન્દ્રનગર જીલ્લો શીરમોર બનવાનો છે.

શ્રી મોદીએ વધુમાં જણાવ્યું હતુ કે, સફેદ દૂધ જેવા ધોડા કરતા પણ તેજ ગતિથી દોડતા ગુજરાતના ગધેડાઓનું અપમાન ઉત્તરપ્રદેશમાં ચૂંટણીઓ વખતે કોંગ્રેસ અને તેમના સાથી પક્ષે કર્યુ હતું. શ્રી મોદીએ કહ્યું હતું કે, મને ગધેડો થવાનું ગર્વ છે, હું ૧૨૫ કરોડ દેશવાસીઓનો વફાદાર છું તેનો મને ગર્વ છે. જે લોકો ગુજરાતની અસ્મિતા સાથે છેડછાડ કરે તેને ગુજરાતની પ્રજા છોડતી નથી તે કોંગ્રેસને ધ્યાન હોવું જોઇએ.

શ્રી મોદીએ વધુમાં જણાવ્યું હતુ કે, ગુજરાતમાં પાણી લાવવા માટે ઘણી બધી વિકાસની યોજનાઓ કોરાણે મુકી દેવી પડી હતી. કોંગ્રેસના લોકો મજાક ઉડાવતા હતા કે સૌની યોજનાની પાઇપલાઇનમાં પાણી નહી હવા આવશે પરંતુ, આજે તેમની સમક્ષ છે કે હવા નહી પાણીના કારણે આખા પંથકને અમે લીલુછમ કર્યું છે. તેના કારણે ગુજરાતમાં કપાસનું ઉત્પાદન ૨૫ લાખ ગાંસડી થી વધીને લગભગ ૧૦૦ લાખ ગાંસડીએ પહોચ્યું છે. મગફળીનું ઉત્પાદન ૧૦ લાખ ટનથી વધી ૨૫ લાખ ટન પર પહોચ્યું છે. પાણીની સિંચાઇની જમીનમાં સવાયો વધારો થયો છે અને નર્મદા મૈયાના કારણે શુદ્ધ પીવાનું પાણી પહોચાડીને ગુજરાતના બાળકોને સ્વસ્થ રાખવાનું કામ ભાજપાએ કર્યું છે.

(૩)



(૩)

શ્રી મોદીએ વધુમાં જણાવ્યું છે કે, ચોટીલામાં અતિવૃષ્ટિના સમયે ભાજપાની ગુજરાત સરકાર ખડેપગે સેવામાં જોતરાયેલી હતી જ્યારે એક ભાઇને રાજ્યસભા જીતાડવા આખેઆખી કોંગ્રેસને પુરગ્રસ્તોને ભગવાન ભરોસે છોડીને બેંગ્લોરના રિસોર્ટમાં લહેર કરવા જતી રહી હતી. કોંગ્રેસને ગુજરાતમાં રસ નથી માટે તેમની હંમેશ માટે બુકિંગ કરાવીને બેંગ્લોર ભેગી કરી દઇએ.

શ્રી મોદીએ અખા ભગતને યાદ કરતા જણાવ્યું હતુ કે, હું ગુજરાતી શાળામાં ભણીને સંસ્કાર શીખ્યો છું. કોંગ્રેસના લોકો વ્યક્તિગત રૂપે મારી ઉપર પણ કશું કહેવામાં બાકી રાખ્યું નથી તે તેમના સંસ્કાર છે. કોંગ્રેસના લોકો હજુ સુધી પ્રજાસેવાનું કોઇપણ જ્ઞાન લાધતું નથી. ૧૨૫ કરોડ દેશવાસીઓ એ મારા ભગવાન છે અને એમનું કલ્યાણ એ જ મારી ભક્તિ છે. કોંગ્રેસની કુસેવાના કારણે ગુજરાતને મુસીબતોમાંથી બહાર નીકળતા નીકળતા બે દશકા નીકળી ગયા. કોંગ્રેસે ૧૯૬૭ થી ગુજરાતમાં જ્ઞાતિ અને જાતિ વચ્ચે વર્ગવિગ્રહ ફેલાવીને સામાજીક તાણાવાણા પીંખી નાખવાનું કામ કર્યુ છે. સરદાર પટેલની એક અપીલ પર ક્ષત્રિય સમાજના રાજા-રજવાડાઓએ પોતાના પૂર્વજોની સંપત્તિ પોતાના અધિકારો દેશ માટે સમર્પિત કરી દીધા હતા તે મહાન પરંપરા ગુજરાતની રહી છે. પરંતુ, કોંગ્રેસે સત્તા માટે સમાજો વચ્ચે વેરઝેર ફેલાવી રહી છે. કોંગ્રેસે હિન્દુ-મુસ્લીમો વચ્ચે હુલ્લડો કરાવીને દેશની શાંતિ-સલામતીને દાવ પર મૂકી હતી. પરંતુ, ગુજરાતની જનતાએ જાતિવાદ સંપ્રદાયવાદને બાજુમાં મૂકી એકતા દર્શાવી છે.

શ્રી મોદીએ અંતમાં જણાવ્યું હતુ કે, ગુજરાતની પ્રજાએ કાળી મજૂરી દ્વારા લોહીનું પાણી કરીને મુસીબતોમાંથી બહાર આવી છે ત્યારે કોંગ્રેસ દ્વારા ગુજરાતને જાતિવાદના ખપ્પરમાં હોમવાના તમામ પ્રયાસો થઇ રહ્યા છે. તમારો પોતાનો દિકરો દિલ્હીમાં બેઠો છે તે તમારા જીલ્લાના ૫૦-૧૦૦ લોકોના નામ જાણતો હોય તમે સાદ પાડો ત્યારે તમારી પડખે ઉભો રહેતો હોય ત્યારે રાજ્યમાં અને કેન્દ્રમાં ભાજપાની સરકાર હોય તો આપણા માટે બન્ને હાથમાં લાડુ અને પાચેય આંગળીઓ ઘીમાં હોય તેવી પરિસ્થિતિ ઉભી થઇ છે. ત્યારે વિકાસને નવી ઉંચાઇએ લઇ જવા માટે ભાજપાને ૧૫૦ થી વધુ બેઠકો જીતાડવા માટે વધુમાં વધુ મતદાન કરવાની અપીલ શ્રી મોદીએ કરી હતી.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

